# પ્રેસ નોટ

**શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ ભામરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ, સલવાવમાં પ્રથમ વર્ષ બી. ફાર્મસીના અને એમ. ફાર્મસીના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો**



તારીખ: ૨૮-૧૧-૨૦૨૨

શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ ભામરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ, સલવાવ, વાપીમાં તારીખ: ૨૮-૧૧-૨૦૨૨ સોમવારના રોજ સંસ્થા ના એકેડેમિક ડીરેક્ટર ડો. શૈલેશ લુહાર તથા કોલેજ ના આચાર્યશ્રી ડો. સચિન બી. નારખેડે ના માર્ગદર્શન હેઠળ બી. ફાર્મસી તેમજ એમ. ફાર્મસીના નવા પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓનું તિલક અને પુષ્પ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નો આરંભ કોલેજ ના આસિસ્ટન્ટ પ્રોફેસોર શિવાની ગાંધી ના વ્યક્તવ્ય દ્વારા થયુ હતુ તથા સમગ્ર શાબ્દિક સંચાલન શ્રીમતી જ્યોતિ યુ. પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી સ્વામિનારાયણ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી પરમ પૂજ્ય પૂરાણી સ્વામી કપિલ જીવનદાસજીએ વિદ્યાર્થીઓને જીવનમાં સફળતા મેળવવા માટે પર્સનાલીટી ડેવલપમેન્ટ તેમજ જીવનના શૈક્ષણિક આદર્શને ડો. એ.પી.જે. અબ્દુલ કલામ, મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન તથા સ્વામી વિવેકાનંદ જેવા મહત્વના દ્રષ્ટાંત ની સાથે સમજાવ્યા હતા આ ઉપરાંત લક્ષ્ય, ધ્યેય અને આત્મવિશ્વાસી બનવાની સાથે પોતાના માટે, મા બાપ તેમજ સમાજ માટે કંઈક કરી છૂટવા માટે પ્રેરિત કર્યા હતા અને વિદ્યાર્થીઓને જીવનમાં ઉંચાઈ ના શિખરો પ્રાપ્ત કરવા માટે ના આશીર્વાદ

આપ્યા હતા. આચાર્યશ્રી ડૉ. સચિન બી. નારખેડે દ્વારા વિદ્યાર્થીઓને કોલેજના કેમ્પસ વિશે, ફેકલ્ટીઝ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ની માહિતી આપવામાં આવી હતી તેમજ જીવનમાં નોલેજ અને સ્કીલ પણ મહત્વના પાસા છે એ સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં ડૉ. શૈલેશ વી. લુહાર એ વિદ્યાર્થીઓને ફાર્મા કારકિર્દી વિશે માહિતગાર કર્યા હતા. તથા કોલેજના પ્રોફેસોર ડૉ. અનુરાધા પ્રજાપતિ દ્વારા એમ. ફાર્મસીના વિદ્યાર્થીઓને પરીક્ષા પદ્ધતિ, અભ્યાસક્રમ તેમજ સંશોધન ના વિષય ઉપર માહિતી અપાઈ હતી. આ કાર્યક્રમ બદલ શ્રી સ્વામિનારાયણ સંસ્થાના અધિસ્થાપક પરમ પૂજ્ય. સ્વામી પૂરાણી કેશવચરણદાસજી, મેનેજિંગ ટ્રસ્ટી પરમ પૂજ્ય પુરાણી કપિલ જીવનદાસજી, પરમ પૂજ્ય રામસ્વામીજી, ટ્રસ્ટી શ્રી. બાબુભાઈ સોડવડીયા, ટ્રસ્ટીગણ, કેમ્પસ એકેડેમિક ડીરેક્ટર ડો. શૈલેશ લુહાર, કેમ્પસ ડીરેક્ટર શ્રી. હિતેન ઉપાધ્યાય, આચાર્યશ્રી ડૉ. સચિન બી. નારખેડે અને તમામ સ્ટાફે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.